જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૭૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૬૮૧/૨૦૨૩

**શાહીબાગઃ** મમતાબહેન વા/ઓ વિજયભાઇ શર્મા (ઉ.વ.૩૦)(રહે.લક્ષ્મીનગર, કોમલ કંપની પાછળ, મોતીપુરા, શાહવાડી, નારોલ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અસારવા સિવીલ હોસ્પીટલ ગેટ નંબર-૫ પાસે મમતાબહેન તેમની માતા ને લઇ સારવાર માટે જતા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૩૫ વર્ષના આશરાના) એ તેમની પાસેનું એક કપડામાં વિંટાળેલ પૈસાનુ બંડલ મમતાબહેનને બતાવેલ જેમા રૂપિયા ૫૦૦ ના દરની નોટ દેખાતી હતી. જે રૂપિયાનુ બંડલ કુલ એક લાખ રૂપિયા હોવાનુ કહી, તેના બદલામાં મમતાબહેનને દાગીના આપવાનુ કહી, લોભામણી વાતો કરી મમતાબહેનને વિશ્વાસમાં લઇ, તેમણે કાનમાં પહેરેલ સોનાની બુટ્ટી નંગ-૨, એક સોનાનુ પેન્ડલ કુલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૫,૦૦૦/- ની મતા મેળવી તેના બદલામાં નોટબુકના કાગળો ભરેલ બંડલ આપી મમતાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૨/૨૦૨૩</u>**

**ગાયકવાડ હવેલીઃ** કમાલઅખ્તર સઇદઅહેમદ તુર્કી (ઉ.વ.૨૭)(રહે.પાંચમા માળે, રહીમા રેસીડન્સી, પથ્થરવાળી મસ્જીદ પાસે, ખમાસા) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનુ તાળુ ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૩/૨૦૨૩</u>**

**સાબરમતીઃ** પ્રિયકાબહેન વા/ઓ દશરથભાઇ બેરવા (ઉ.વ.૩૧)(રહે.હરીઓમનગર કેરોસીન વાળી ચાલી, સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એ.એમ.રાજપાલ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** જીવન વિરેન્દ્ર ખલકો (ઉ.વ.૨૦)(રહે.રણછોડજીના મંદિર પાસે, મુન્શીપુરા જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૩ સવારના કલાક ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશકુમાર ભગવાનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી